FINANCIAL EXPRESS
18 FEB 2015

# આઈનોક્સ વિન્ડે ગુજરાત સરકાર સાથે પાવર પ્લાન્ટ માટે રૂા.૪,૫૦૦ કરોડના કરેલા કરાર

**પીટીઆઈ**
નવી દિલ્હી,તા.૧૭

આઈનોક્સ વિન્ડે ગુજરાતમાં ૭૦૦ એમડબ્લ્યુ વીજળી પ્લાંટ સ્થાપવા માટે રૂા.૪,૫૦૦ કરોડના શરૂઆતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. કંપનીએ કહ્યું હતું કે તે મધ્યપ્રદેશમાં પણ ઈન્ટિગ્રેટેડ ટર્બાઈન ઉત્પાદન સગવડ પણ સ્થાપી રહી છે. કંપનીએ નિવેદનમાં કહ્યું હતું કે આઈનોક્સ વિન્ડે ગુજરાત સરકાર સાથે રાજ્યમાં ૭૦૦ એમડબ્લ્યુ પવન ક્ષમતા સ્થાપવા માટે રૂા.૪,૫૦૦ કરોડના રોકાણ કરવાનો કરાર કર્યો છે. તા.૩૧ ડિસેમ્બરના રોજ તેણે ૧,૨૫૮ એમડબ્લ્યુની ઓડર બુક હતી. આઈનોક્સના ગ્રાહકોમાં ગ્રીન ઈન્ફ્રા, કન્ટિન્યુમ વિન્ડ એનર્જી, તાતા પાવર રિન્યુએબલ એનર્જી, વેલ્સ્પન એનર્જી, ભિલવારા એનર્જી, રિન્યુ પાવર વેન્ચર્સ, હીરો ફ્યુચર એનર્જી અને સીઈએસઈની પેટાકંપનીનો સમાવેશ થાય છે.



આવનારા ૨ વર્ષમાં ગુજરાતના ત્રણ જિલ્લાઓ - રાજકોટ, અમરેલી અને કચ્છમાં એમઓયુનો અમલ કરવામાં આવશે. નિવેદને કહ્યું હતું કે કામગીરીના ૫ વર્ષની અંદર કંપની વિસ્તરણ કરી રહી છે અને તે પાંચ રાજ્યો (ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશ) માં યોજનાઓ વિકસાવી રહી છે. મધ્યપ્રદેશમાં તે ઈન્ટિગ્રેટેડ ફેસિલિટી સ્થાપી રહી છે.